અપીલ અરજી નં.૩૦૧ તા.૧૬/૧૭–૧–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૩–૧૧–૦૮ની અરજીથી વેડ રોડ મકબરા મસ્જિદની બાજુમાં કબ્રસ્તાન સાથે બનાવેલ દુકાનોવાળા તરફથી દસ ફુટના દુકાનની બહાર વીસ ફુટના પતરાવાળા છાપરા તેમજ ફુટપાથ ઉપર થયેલા દબાણો અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૬/૧૭–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૦૧/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૩–૧૧–૦૮ ની અરજીથી વેડ રોડ મકબરા મસ્જિદની બાજુમાં કબ્રસ્તાન સાથે બનાવેલ દુકાનોવાળા તરફથી દસ ફુટના દુકાનની બહાર વીસ ફુટના પતરાવાળા છાપરા તેમજ ફુટપાથ ઉપર થયેલા દબાણો અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર કતારગામ ઝોનના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૯૦૨ તા.૩૦–૧૨–૦૮ થી આપેલ જવાબ ગેરમાર્ગે દોરનાર અને ખોટા હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬/૧૭–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૩ તા.૨૩–૧–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને એન.ઝેડ/આ.નં.૩૬૯૧ તા.૨–૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારને તા.૩–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતીના મુદ્દા નં.૧ થી ૪ ની માહિતીપેટે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ છે.જે મુજબ મુળ માહિતીના ચારેય મુદ્દાઓ અં ગે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના તા.૩૦–૧૨–૦૮ ના પત્રથી દિન–૨૮ ના વિલંબથી અરજદારને જણાવ્યા અનુસાર વર્ષો જુના છાપરા કેન્ટીલીવરના છે અને ફુટપાથને નડતરરૂપ નહીં હોવાનું, તા. ૧–૧૨–૦૮ ના રોજ દબાણવાળો ભાગ ખુલ્લો કરવામાં આવેલ હોવાનું તથા અવારનવાર તેમ કરાતું હોવાનું તથા મોટાભાગની દુકાનો ગુમાસ્તા લાયસન્સ ધરાવતી હોવાનું તેમજ નહીં ધરાવતાં કિસ્સામાં કાયદેસરના પગલાં લેવામાં આવશે તેવી માહિતી પણ પુરી પાડવામાં આવેલ જણાય છે.

તેમ છતાં અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ કાર્યવાહીને લગતી ગેરકાયદેસર પતરા નાંખેલ હોય જુના કે નવા દુર કરવા જોઈએ તેવી માંગણી કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ કાયદા મુજબ એકશનની વિગત આવતી નથી તેમજ પરિસ્થિતિ અને રેકર્ડ ફેરફાર કરી શકાતો નથી તેવું પૂરક માહિતીમાં જણાવેલ છે. છાપરાઓ કેન્ટીલીવરના છે તે ફુટપાથમાં નડતર રૂપ નથી. જયારે અપીલના મુદ્દા નં.૨ માં દબાણો તેમના તેમ છે તે બાબતે પણ ફુટપાથ ઉપર થયેલ દબાણો સંપુર્ણપણે ખુલ્લા કરવામાં આવેલ અને નિયમો અનુસાર દબાણ હટાવવાની કામગીરી સમયાંતરે કરવામાં આવે છે તેવું જણાવેલ છે. અપીલ અરજીના મુદ્દા નં.૪ માં અરજદારે ફુટપાથ સળંગ ૫૦ થી ૭૦ ફુટ તોડી નાંખવામાં આવી હોવાનું જણાવેલ છે. તે બાબતે સ્થળ ઉપર અંદાજીત ૧૩ ફુટ જેટલી તુટેલ હોવાનું જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવેલ છે. તથા બાકીના ભાગમાં ફુટપાથ સારી હાલતમાં હોવાનું જણાવી ખરાબ ફુટપાથ જે ખાતાકીય રાહે રીપેર કરવામાં આવશે તેવું પણ જણાવેલ છે. આ રીતે અપીલના મુદ્દાઓ અંગે પણ કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક માહિતીમાં વિગતો જણાવવામાં આવેલ છે.

અરજદારની અરજી ફી પરત મેળવવા અંગેની માંગણી આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી.

***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી મુદ્દા નં.૧ થી ૪ ની દફતરી હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)....જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામભાઈ મેમણ,